U.S. Small Business Administration

# પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (PPP) એ લાખો નાના વ્યાપારો અનેતેઓનાં કર્મચારીઓને આપાત્તકાલીન કોવિડ-19 રાહતપ્રદાન કરી હતી

## દંતકથા વિરુદ્ધ તથ્ય

### દંતકથા #1: પીપીપી વ્યય, છેતરપીંડી અને દુરુપયોગ સાથે ઘડાયેલો છે.

**તથ્ય:** મોટા ભાગનાં પીપીપી ભંડોળોએ આર્થિક રાહતની તીવ્ર જરૂરીયાતમાં રહેલા અમેરિકન નાના વ્યાપારો અને તેઓનાં સખત મહેનતુ કર્મચારીઓને સહાય કરી હતી. પ્રોગ્રામનાં તમામ નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું તેની ખાતરી કરવા માટે, તમામ લોન સ્વયંસંચાલિત સમીક્ષામાંથી પસાર થઇ રહી છે, અને $2 મિલિયન અથવા વધારેની તમામ લોન મેન્યુઅલ સમીક્ષામાંથી પસાર થશે. આ ઉપરાંત, કોઇપણ લોનને મેન્યુઅલ સમીક્ષા માટે પસંદ કરવામાં આવી શકે છે. પીપીપી ભંડોળો નિર્ધારિત કર્યા અનુસાર વાપરવામાં આવ્યા હતા તેની ખાતરી કરવા માટે SBA એક મજબૂત પ્રક્રિયા ધરાવે છે. છેતરપીંડીની પ્રવૃત્તિને ઉખેડી ફેંકવા માટે SBA કટિબદ્ધ છે; આ મહત્વનાં પ્રોગ્રામનો દુરુપયોગ કરનાર કોઇપણ વ્યક્તિને યોગ્ય રીતે જવાબદાર ઠેરવવામાં આવશે. ડેટા પ્રકાશનમાં યાદીગત કરવામાં આવેલ ઉધાર લેનારનો અર્થ એવો નથી થતો કે SBA દ્વારા સકારાત્મક જાહેરાત કરવામાં આવી છે કે ઉધાર લેનાર લાયક છે અને તે લોન માફી પ્રાપ્ત કરશે. SBA સમીક્ષા માટેની પ્રક્રિયા ધરાવે છે અને જે ચાલી રહી છે.

### દંતકથા #2: પીપીપી દ્વારા માત્ર મોટા કોર્પોરેશનોને સહાય કરવામાં આવી હતી, નાના વ્યાપારોને નહીં.

**તથ્ય:** પીપીપી કોરોનાવાયરસ મહામારીમાં નાના વ્યાપારીઓ અને પેરોલ પર રહેવા કર્મચારીઓને જીવંત રાખવા માટે લાગું કરવામાં આવ્યો હતો. પીપીપી લોન પ્રાપ્ત કરી હતી તેવા નાના વ્યાપારોમાંથી, 75 ટકા નવ અથવા ઓછા કર્મચારીઓ ધરાવે છે. આ ઉપરાંત, તમામ લોનમાંથી 87%, અથવા દસમાંથી નવ, $150,000 અથવા ઓછી હતી. લાયક સ્વતંત્ર ઠેકેદાર, એકમાત્ર માલિક, અથવા નાના વ્યાપારો કે જેઓએ પીપીપી લોન માટે અરજી કરી હતી અને પીપીપી બંધ કરવામાં આવે તે પહેલા મંજુર કકરવામાં આવ્યા હતા - પછી ભલેને તેઓએ સેંકડો કર્મચારીઓને નોકરી પર રાખેલા હતા અથવા માત્ર એક વ્યક્તિને નોકરી પર રાખેલ હતા- તેમાંથી એકને પણ ભંડોળની ઉણપનાં કારણે લોન મેળવવામાંથી અવરોધિત કરવામાં આવ્યા ન હતા. લીધા વગર રહેલા $130 બિલિયનનાં ઉપલબ્ધ ભંડોળ સાથે પીપીપી ઓગસ્ટમાં બંધ કરવામાં આવ્યો હતો.

## દંતકથા #3: પીપીપી દ્વારા કર્મચારીઓને સહાય કરવામાં આવી ન હતી.

**તથ્ય:** પીપીપીની દરેક બાજું અમેરિકન લોકોને નોકરી પર ચાલું રહેવા માટે ડીઝાઇન કરવામાં આવી હતી. પીપીપી સફળ થયો છે. આજની તારીખ સુધીમાં, પીપીપી દ્વારા 51 મિલિયન કરતા વધારે અમેરિકન નોકરઓને સહાય કરી છે, અને તે યુનાઇટેડ સ્ટેટ્સમાં નાના વ્યાપારનાં પેરોલનાં 80% કરતા વધારે છે. પેરોલ ખર્ચાઓ આવરી લેવા માટે પીપીપી ભંડોળોનાં ઓછામાં ઓછા 60% ની આવશ્યકતા દ્વારા, એડમિનિસ્ટ્રેશન દ્વારા અમેરિકન લોકોનાં પેચેક સુરક્ષિત રહે તેની ખાતરી કરી હતી. આ પીપીપી દ્વારા મહામારીની ટોચ પર અપેક્ષા કરતા ઘણી ઓછી બેરોજગારી રાખીને, આપણે હાલમાં અપેક્ષા રાખીએ છીએ તેવી ઐતિહાસિક આર્થિક રીકવરીમાં યોગદાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, હાલમાં બેરોજગારી દર 6.7% છે, તે એવો દર છે જેની ઘમા બહારનાં નિષ્ણાતો દ્વારા 2021 નાં ચોથા ત્રિમાસિક સુધી હાંસલ થવાની અપેક્ષા રાખવામાં આવતી ન હતી.

## દંતકથા #4: પીપીપી ભંડોળ ઐતિહાસિક રીતે વંચિત સમુદાયો સુધી પહોંચ્યો ન હતો.

**તથ્ય:** કેર્સ એક્ટ ઘડવામાં આવ્યો ત્યારથી, નાના વ્યાપારોનો સંભવિત રીતે સૌથી વ્યાપક વિભાગને પીપીપી સુલભ થાય તે સુનિશ્ચિત કરવા માટે, SBA અને ટ્રીઝરી દ્વારા કોંગ્રેસ, તમામ સાઇઝનાં ઉધાર લેનારાઓ અને ઉધાર આપનારાઓ - પ્રાંતિય અને સામુદાયિક બેંકો, કમ્યુનિટી ડેવલપમેન્ટ ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યુશનો (CDFIs), અને માઇનોરિટી ડીપોઝિટરી ઇન્સ્ટિટ્યુશનો (MDIs) સહિત-સાથે નિકટતાતી કાર્ય કર્યું હતું. તમામ નાના વ્યાપારો અને ખાસ કરીને વંચિત સમુદાયોમાં ભંડોળ બને તેટલા વહેલા પ્રવાહીત થવાનું શરૂ કરે તેની ખાતરી કરવા માટે, SBA અને ટ્રીઝરીએ ઓછા પરંપરાગત સુસ્થાપિત સંબંધો ધરાવતા હતા તેવા ઉધાર લેનારાઓ સુધી પહોંચવા માટે સ્થાનમાં હતા તેવા ઉધાર આપનારાઓ સાથે નિકટતાતી કામ કર્યું હતું. અમારા પગલાઓ દ્વારા, અમે 2019 માં SBA 7(a) ઉધારીકરણમાં ભાગ લીધેલા 1,700 ઉધાર આપનારામાંથી પીપીપીમાં ભાગ લેનારા 5,500 ઉધાર લેનારાઓ સુધી ઉધાર આપનારાઓની સંખ્યામાં વધારો કર્યો હતો.

વંચિત સમુદાયો સુધીની પહોંચી સરખામણી થઇ શકે નહીં તેવી ક્ષમતાઓને કારણે CDFIs, MDIs અને લઘુમતિ, સ્ત્રીઓ, વેટેરનો અથવા મિલિટ્રીની માલિકીમાં રહેવા ઉધાર આપનારાઓ દ્વારા પીપીપી માં ભાગ લેવામાં આવે તેની ખાતરી કરવા માટે SBA અને ટ્રીઝરી દ્વાર આક્રમક સંપર્ક અભિયાન પાર પાડવામાં આવ્યું હતું. ડેટા દર્શાવે છે કે SBA અને ટ્રીઝરીનાં સંપર્ક અભિયાનો સફળ થયા હતા.

8 ઓગસ્ટ 2020 મુજબ, જ્યારે નવી લોન અરજીઓ માટે પીપીપી બંધ કરવામાં આવ્યો હતો, ત્યારે $16.4 બિલિયન કરતા વધારેની 221,000 સેન પ્રદાન કરતા સમગ્ર દેશમાંથી 432 MDIs અને CDFIs દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. પીપીપી દ્વારા ઐતિહાસિક રીતે વંચિત વ્યાપાર ક્ષેત્રોમાં વ્યાપારોને $133 બિલિયનની લોન પહોંચાડી છે, જે પીપીપી ભંડોળનાં 25 ટકા કરતા વધારે છે. વધુમાં, સેન્સસ ટ્રેક્ટની સમીક્ષા સૂચવે છે કે યુ.એસ. વસ્તીમાંથી 28 ટકા નીચા અને સાધારણ આવક સેન્સસ ટ્રેક્ટમાં જીવે છે, અને જ્યારે પીપીપી લોનનાં વિતરણ સામે તેની સરખામણી કરવામાં આવી હતી, ત્યારે પીપીપી ભંડોળમાંથી 27 ટકા ભંડોળ નિચા અને સાધારણ આવક ધરાવતા સમુદાયોમાં ગયું હતું, જે વસ્તીમાં તેઓનાં પ્રતિનિધિત્વને અનુરૂપ જ છે.